**સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૦/૨૦૨૧**
**આંક –૩૦**

| સ્પે.એટ્રો. કેસ નંબરઃ– ૧૦/૨૦૨૧ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 03 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | પરમાર શંકરભાઈ મદાભાઈ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 9512215297 |
| ઉંમર આશરે | ૭૨ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | નાનુડા તા.ધાનેરા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | સ્પે. એ.પી.પી. શ્રી | એસ.કે.જોષી... |

(૧) હું નાનુડા ગામના ગઢવી શામળદાન નરસુંગજીના ખેતરમાં હું ભાગથી ખેતી કરુ છું. અમો પાંચ ભાઈ બહેન છીએ. જેમાં સૌથી મોટા પુનમાભાઈ તેનાથી નાના ભગાભાઈ તેનાથી નાના પોપટભાઈ તેઓ મરણ ગયેલ તેમનાથી નાનો હુ છુ અને સૌથી નાની મણીબેન છે. અમો તમામ ભાઈબહેનના લગ્ન થઈ ગયેલ છે.

(૨) તા.૨૧/૭/૨૦ના રોજ સાંજના આશરે સાડા આઠથી પોણા નવેક વાગ્યાના સમયે હું મારા ઘરે હતો. ત્યારે અમારો કુટુંબી ભત્રીજો પ્રવિણભાઈ ભેરાભાઈ પરમાર મારા ભત્રીજા માલાભાઈ પુનમાભાઈ પરમારને મો.સા. લઈ જઈ તેના ઘરે આવેલો અને હું પણ તેઓના ઘર તરફ ગયેલો અને તેઓને પુછતા જણાવેલ કે હું ખોડા ગામે મારી મેડીકલથી ઘરે જવા નીકળેલ હતો ત્યારે આપણા ગામનો ડુંગરદાન રાજુજી ગઢવી નાનુડા ભોજણા રોડ ઉપર તેના ખેતરના દરવાજા પાસે હાથમાં લાકડી લઈને ઉભેલ હતો. મને ઉભો રાખવા માટે મારા ઉપર લાકડી ઉગમતા હું ઉભો રહેલો. ડુંગરદાન ગઢવીએ તેના હાથમાંની લાકડી મારા મો.સા.ના આગળના ટાયર પાસે મારી મને માબહેન સામી ભૂંડી ગાળો બોલેલી અને જાતી અપમાનીત શબ્દો બોલી કહેલ કે સાલા ઢેઢા કોડા મારા ઘર આગળથી તુ મો.સા. લઈને કેમ ચાલે છે તેમ કહેતા વધુ ગાળો બોલેલ અને મે ગાળો બોલવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાંની લાકડી મારા જમણા હાથની કોણી પાસે તેમજ ડાબા હાથના કાંડા પાસે તેમજ પીઠના પાછળના ભાગે મારેલ

સાહેદની સહી............................

અને લાકડી મને મારવાથી ભાગી જતા તે દોડીને તેના ખેતરમાં જતો રહેલો અને મો.સા. લઈ ત્યાં થી નીકળી જવા પ્રયત્ન કરેલ પરંતુ મને ઈજા થયેલ હોય અને મારો હાથ કામ કરતો ન હોય જેથી અમે પ્રવિણભાઈ ભેરાભાઈને ફોન કરી બનાવની જાણ કરેલી. પ્રવિણભાઈ મને લેવા માટે આવેલા. ત્યારબાદ ફરીથી ડુંગરદાન ગઢવી અમારી પાસે પાછો આવેલો અને જાતી અપમાનીત શબ્દો અને ભુંડી ગાળો બોલવા લાગેલો અને મને ફરીથી મારવા આવતા પ્રવિણભાઈ વચ્ચે પડીને છોડાવેલ તેને સમજાવી તેના ઘર તરફ મોકલી દીધેલ અને જતા જતા જણાવેલ કે પ્રવિણભાઈ આવતા તુ બચી ગયેલ છે હવે પછી જો મને મળીશ તો જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી જતો રહેલ જે હકીકત અમને જણાવેલ. મારા ભત્રીજા માલાભાઈને દુખાવો થતો હોય હું તથા અમારા કુટુંબી થાનાભાઈ ભગાભાઈ પરમાર, વિક્રમભાઈ પોપટભાઈ પરમાર પ્રાઈવેટ વાહન કરી સરકારી હોસ્પિટલમાં લાવેલા ડોકટરશ્રીએ પ્રાથમિક સારવાર આપેલી અને વધુ સારવાર માટે રીફર કરતા ધાનેરા કૈલાશ હોસ્પિટલમાં લઈ ગયેલા. ત્યાં આગળ એક્ષરે કરાવેલા. ત્યારબાદ બનાવની ફરીયાદ મારા ભત્રીજાએ આરોપી વિરૂધ્ધ આપેલી. બનાવ સબંધે પોલીસે મારુ નિવેદન લીધેલું. આરોપી અમારા ગામના હોવાથી તેમને ઓળખુ છું.

**સરતપાસ પુરી.**

**<u>ઉલટતપાસ આરોપી તર્ફે વિ.વ.શ્રી. એમ.એચ.ઘોરી...</u>**

(૩) હું અભણ છું. માલાભાઈ આ કામના ફરીયાદી મારા ભત્રીજા થાય છે. એ વાત ખરી છે કે નાનુડા ગામમાં બારસો લોકોની વસ્તી રહે છે. એ વાત ખરી છે કે બસ્સો જેટલા મેઘવાળ સમાજના મકાનો આવેલા છે અને ચાલીસ થી પચાસ ગઢવી સમાજના મકાનો આવેલા છે. નાનુડા ગામથી નેનાવા પોલીસ ચોકી આશરે આઠ કી.મી. જેટલી દૂર છે. એ વાત ખરી છે કે આરોપીના ખેતરની જોડે કૈલાશદાન ગઢવી, મદનદાન ગઢવીના ખેતરો આવેલા છે. એ વાત ખરી છે કે આરોપીના ખેતરની જોડે મોટો પ્રવેશ ધ્વાર આવેલો છે. એ વાત ખરી છે કે વેરશીભાઈ પાતાભાઈ પરમારે સને ૨૦૧૫–૧૬ ની સાલમાં સરપંચ તરીકે ઉમેદવારી નોંધાવેલી. તે વખત મારા ભાઈએ સને ૨૦૧૫–૧૬ ની સાલમાં સરપંચ તરીકે ઉમેદવારી નોંધાવેલી. એ વાત ખરી છે કે તેમાં વેરશીભાઈ પાતાભાઈ સરપંચ તરીકે ચૂંટાયેલા. એ વાત ખરી નથી કે ડુંગરજી રાજુજી ગઢવીએ ધાનેરા પો.સ્ટે.માં વેરશીભાઈ પતાભાઈની વિરૂધ્ધમાં અરજી આપેલી. એ વાત ખરી નથી કે સદરહું

સાહેદની સહી............................

૧૫૧ની અરજીમાં જામીન લેવડાવ્યા હતા. પોલીસે મારુ નિવેદન તા.૨૩/૭/૨૦ના રોજ લીધેલુ. એ વાત ખરી છે કે તા.૨૧/૭/૨૦ના રોજ આશરે સાડા આઠ થી પોણા નવ વાગ્યાના સુમારે હું મારા ઘરે હતો.

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

...........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૧૧/૧૧/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>સ્પે.જજ એટ્રો, ડીસા |